પ્રતિ,

કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણ,

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી કચેરી, બ્લોક - ૧૨,

ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર - **382010**

વિષય : ચિંતન અંબાલાલ મહિડાની અધ્યાપક સહાયક (અંગ્રેજી વિષય) તરીકેની
પાંચ વર્ષની સેવા પૂર્ણ થયે નિયમિત પગાર ધોરણમાં સમાવવા બાબત.

માનનીય સાહેબશ્રી,

સવિનય ઉપરોક્ત વિષય સંદર્ભે વિનંતી સાથે જણાવવાનું કે અમારી સંસ્થા માધ્યમિક કેળવણી મંડળ, આંકલાવ સંચાલિત શ્રી એસ. ડી. પટેલ આર્ટસ એન્ડ સી. એમ. પટેલ કોમર્સ કોલેજ, આંકલાવમાં કેન્દ્રીયકૃત ભરતી તથા ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરી, ગાંધીનગરના તારીખ ૦૪.૧૨.૨૦૧૫ ના ભલામણ પત્રક્રમાંક : OW/ISC-૮/ભરતી / આર્ટસ અને હોમસાયન્સ / એસ/આર.નં ૫૨ / ૨૦૧૫ / ૧૩૮૮૧ -૯૪૩ તથા મંડળના નિમણૂક પત્રક્રમાંક ૩૪૬૨ / ૨૦૧૫ – ૧૬ ના આધારે ચિંતન અંબાલાલ મહિડા ની અંગ્રેજી વિષયમાં (OPEN કેટેગરી) અધ્યાપક સહાયક તરીકે નિમણૂક કરવામાં આવેલ છે તેમજ તેઓશ્રી ૦૫/૧૨/૨૦૧૫ ના રોજ અધ્યાપક સહાયકની નિમણૂક સ્વીકારી કોલેજમાં કચેરી સમય પહેલા હાજર થયેલા છે. તેઓએ તા. ૦૪/૧૨/૨૦૨૦ ના રોજ પાંચ વર્ષ પૂર્ણ કરેલ છે. તેઓએ તા. 04/12/2020 ના રોજ પાંચ વર્ષ પૂર્ણ કરેલ હોવાથી તેઓની ઉપરોક્ત વિષય અન્વયેની દરખાસ્ત આપશ્રીની કચેરીના નિયત ચેકલીસ્ટ મુજબ માહિતી તૈયાર કરી તમામ જરૂરી સાધનિક પૂરાવા સહિત ફાઈલ આ સાથે મોકલી આપવામાં આવે છે.

આપની કચેરીના અધ્યાપક સહાયકની ભરતી અંગેના તા.૨૫.૦૮.૨૦૦૫ ના પરીપત્ર તથા ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ તરફથી આપવામાં આવેલ તારીખ: ૨૫.૦૪. ૨૦૧૫ ના એન.ઓ.સી પત્ર ક્રમાંક કવટ / ભરત / ISC8 / 2015 / ૩૧૨૮ – ૩૨૯૧ મુજબ મુજબ તેઓની નોકરીને સળંગ પાંચ વર્ષ પૂર્ણ થયા હોઈ તેમજ તેઓની કામગીરી સંતોષકારક હોવાથી તેઓને અત્રેની કોલેજમાં અંગ્રેજી વિષયના આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે નિયમિત પગાર ધોરણમાં સમાવવા અંગેની વહીવટી મંજૂરી આપવા નમ્ર વિનંતી.

આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડૉ. પરેશકુમાર પી. ત્રિવેદી)

કા.આચાર્યશ્રી

બિડાણ: નિયત ચેક લીસ્ટ મુજબની દરખાસ્ત ફાઈલ.